અંતર મમ વિકસિત કરો અનંતર હે ! નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે !

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫ | ૧૫ એપ્રિલ, ૨૦૨૦, બુધવાર; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના ભગાવવા ૩જી મે સુધી 'ઘરબંધી'

**વાયરસના સંકટ વચ્ચે વડાપ્રધાને લોકડાઉન ૩મે સુધી લંબાવ્યુ : તમે દેશ માટે એક સિપાહીની જેમ કર્તવ્ય નીભાવી રહ્યા છો, બંધારણમાં જે 'વી ધ પીપલ' નો ઉલ્લેખ છે તે આ જ શક્તિ છે, ભારતે સમય પહેલા પગલાં લીધા તેનાથી વિકસીત દેશોની તુલનાએ અત્યારે ભારતની સ્થિતિ વધુ સારી : તમામ રાજ્યોની સાથે વાતચીત અને નિષ્ણાતોના અભિપ્રાયો બાદ લોકડાઉનને લંબાવવાનો નિર્ણય લેવાયો : શિસ્તમાં રહી ઘરમાં જ રહેવાનો મોદીનો અનુરોધ**

નવીદિલ્હી, તા. ૧૪

દેશમાં કોરોના વાયરસની ગંભીર બની રહેલી સ્થિતી વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધારણા પ્રમાણે જ દેશમાં લોકડાઉનને ત્રીજી મે સુધી વધારી દેવાની જાહેરાત કરી હતી. આની સાથે જ લોકડાઉન-૨ને લઈને ચાલી રહેલી તમામ અટકળો અને ચર્ચાનો અંત આવ્યો હતો. દેશમાં કોરોના વાયરસના વધતા જતા પ્રકોપ વચ્ચે મોદીએ રાષ્ટ્રને સંબોધન કરતી વેળા આ મોટી જાહેરાત કરી હતી. મોદીએ રાષ્ટ્રને સંબોધન કરતા કહ્યુ હતુ કે જે ક્ષેત્ર આ અગ્નિ પરીક્ષામાં સફળ રહેશે, જે હોટસ્પોટમાં રહેશે નહીં, જે વિસ્તારના હોટસ્પોટમાં બદલાઈ જવાની આશંકા ઓછી રહેશે, ત્યાં ૨૦મી એપ્રિલ બાદ કેટલીક જરૂરી ગતિવિધીઓને મંજુરી આપવામાં આવી શકે છે.

મોદીએ કહ્યુ હતુ કે ત્રીજી મે સુધી તમામ લોકોને હાલની જેમ તમામ નિયમોનુ પાલન કરવાનુ રહેશે. આ ગાળા દરમિયાન અમને શિસ્તનુ એવુ જ રીતે પાલન કરવાનુ રહેશે જે રીતે હજુ કરી રહ્યા છીએ. મોદીએ સંબોધન કરતા કહ્યુ હતુ કે લોકડાઉનને વધારી દેવામાં આવે તેમ તમામ રાજ્યો ઈચ્છતા હતા. તેમના સુચનોને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યુ હતુ કે કેટલાક રાજ્યો તો પહેલાથી જ લોકડાઉનના ગાળાને વધારી ચુક્યા છે. જેટલા સંયમ સાથે લોકો લોકડાઉનના નિયમોને પાળી રહ્યા છે તે સન્માનની વાત છે. મોદીએ કહ્યુ હતુ કે સામાન્ય લોકોને પરેશાની આવી રહી છે તે બાબતથી તેઓ વાકેફ છે પરંતુ હાલમાં અન્ય કોઈ વિકલ્પ રહેલા નથી. મોદીએ દેશના જુદા જુદા વિસ્તારમાં આવી રહેલા તમામ તહેવારની પણ લોકોને શુભેચ્છા પાઠવી હતી. મોદીએ કહ્યુ હતુ કે આજે ભારતની પાસે ભલે મર્યાદિત સંશાધન રહેલા છે પરંતુ જોરદાર લડાઈ ભારત દ્વારા લડવામાં આવી રહી છે. કોરોના વેક્સીન બનાવવા માટે ભારતના યુવા વૈજ્ઞાનિકો આગળ આવે તે જરૂરી છે. વિશ્વ કલ્યાણ માટે અને માનવ કલ્યાણ માટે આ વેક્સીન તૈયાર કરવામાં યુવા વૈજ્ઞાનિકો લાગી જાય તેમ તેઓ ઈચ્છે છે. મોદીએ કહ્યુ હતુ કે લોકડાઉન દરમિયાન કોઈએ લાપરવાહી

● અનુસંધાન પાન-૭ પર



### વડાપ્રધાનના સપ્તપદીના સાત વચનો..

૧) પોતાના ઘરના વૃદ્ધોનું વિશેષ ધ્યાન રાખો, એવા વ્યક્તિઓ જે બીમાર હોય તેમની સવિશેષ કાળજી લેવી જોઈએ..
૨) લોકડાઉનના કડક અમલમાં - સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવાનું છે..
૩) કોરોના સામે લડવા રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષના દેશી ઈલાજના નુસ્ખા અજમાવો..
૪) કોરોના ઈન્ફેક્શન રોકવા માટે આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો..
૫) શક્ય હોય એટલું ગરીબ પરિવારની મદદ કરવી, તેમના ભોજનની જરૂરિયાત પૂરી કરો
૬) વ્યવસાય-ઉદ્યોગમાં સાથે કામ કરતાં લોકો પ્રત્યે સંવેદના રાખવી, કોઈને નોકરીમાંથી દૂર ના કરો..
૭) કોરોના સામે લડતાં યોદ્ધાઓ જેમ કે - ડોક્ટર, નર્સ, સફાઈ કર્મચારી, પોલીસોનું આદર સન્માન કરવું

### તમામ વિમાની સેવા ૩મે સુધી રદ

પીએમ મોદીના એલાન બાદ સિવિલ એવિએશન મંત્રાલય તરફથી બધી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ બંધ રાખવાનુ એલાન કરવામાં આવ્યુ છે. મંત્રાલયના જણાવ્યા મુજબ બધી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ ૩ મેની રાતે ૧૧ વાગીને ૫૯ મિનિટ સુધી બંધ રહેશે.

### તમામ પ્રવાસી ટ્રેનો ૩જી મે સુધી સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૧૪

૧૪મી એપ્રિલે મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકડાઉનને લઈને દેશવાસીઓને સંબોધન કર્યું. પીએમ મોદીએ લોકડાઉન ૨.૦ની જાહેરાત કરી અને કહ્યું કે, હવે દેશમાં ત્રણ મે સુધી લોકડાઉન ચાલું રહેશે. આ બાદ ભારતીય રેલવેએ ૩જી મે સુધી પોતાની પેસેન્જર ટ્રેનો રદ કરી છે. રેલવેના અધિકારીએ તેની જાણકારી આપતા કહ્યું કે, રેલવેએ ૩ મે સુધી પોતાની બધી પેસેન્જર સેવા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જલ્દી જ તેના પર વિસ્તૃત જાણકારી આપવામાં આવશે.

## દેશના કેટલાક ભાગમાં ૨૦ એપ્રિલ બાદ રાહત મળી શકે

**કોરોનાના કેસો પર બ્રેક મુકાશે ત્યાં શરતી રાહત**

નવી દિલ્હી, તા. ૧૪

ભારતમાં કોરોના વાયરસના ૧૦૦૦૦થી પણ વધુ કેસો થઈ ચુક્યા છે. કોરોનાથી પીડિત ૩૩૯થી વધુ દર્દીઓના મોત થઈ ચુક્યા છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉનને ત્રીજી મે સુધી વધારવાની જાહેરાત કરી છે. મોદીએ પોતાના ભાષણમાં કહ્યું છે કે, કેટલાક વિસ્તારને ૨૦મી એપ્રિલ બાદ છુટછાટ આપવામાં આવી શકે છે. જો કે, આના માટે ખુબ જ કઠોર શરતો પાળવી પડશે. કેટલાક એવા શહેર છે જ્યાં ૨૦મી એપ્રિલથી લોકડાઉન ખુલી શકે છે. ત્રીજી મે સુધી લોકડાઉનના સંદર્ભમાં કેન્દ્ર સરકાર દ્વારા આવતીકાલે બુધવારના દિવસે વિસ્તૃત માર્ગદર્શિકા જારી કરશે. ૨૦મી એપ્રિલ સુધી કોરોના ઉપર અંકુશ મેળવી લેનાર વિસ્તારને લોકડાઉનમાં રાહત મળી શકે છે જ્યાં હોટસ્પોટ નથી, જે વિસ્તારમાં હોટસ્પોટ ઉભા થવાની આશંકા ઓછી થઈ છે તે વિસ્તારને પણ રાહત મળી શકે છે. જો કે, આના માટે શરતો લાગૂ કરવામાં આવશે. ૨૦મી એપ્રિલ સુધી દરેક વિસ્તાર, દરેક પોલીસ સ્ટેશન વિસ્તાર, દરેક રાજ્ય પર ઝીણવટભરી નજર રાખવામાં આવશે. લોકડાઉનને કેટલું પાળવામાં આવ્યું છે તેના પર નજર રાખવામાં આવશે. આ તમામ બાબતો ખરા ઉતરનારને રાહત મળી શકે છે. ઉત્તર પૂર્વના કેટલાક રાજ્યો જેમ કે કર્ણાટક, છત્તીસગઢ, બિહાર, હરિયાણાના કેટલાક જિલ્લામાં લોકડાઉનમાં રાહત મળી શકે છે પરંતુ અહીં ખુબ કઠોર નિયમ પાળવા પડશે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૯૫૬૩૦૫ | ૧૨૩૪૭૧ | ૯૧૨૩૦૧ |
| ભારત | ૧૦૯૮૧ | ૩૬૮ | ૧૨૯૫ |
| ગુજરાત | ૬૫૦ | ૨૮ | ૫૯ |
| ગાંધીનગર | ૧૬ | ૦૧ | ૦૭ |





લોકડાઉનમાં ભારે ભીડ - મુંબઈના બાંન્દ્રા વિસ્તારમાં સાંજે પાંચ વાગ્યાના સુમારે અચાનક ૧૫ હજારથી પરપ્રાંતિયો એકત્ર થતાં પોલીસ તંત્ર અને વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી... લોકડાઉન ૩જી મે સુધી લંબાવવાના પગલે અન્ય રાજ્યોમાંથી કામ-ધંધા અર્થે આવેલ પરપ્રાંતિયો વતન જવા માટે બ્રાન્દ્રા વિસ્તારની જામા મસ્જિદ પાસે એકત્ર થઈ ખાસ ટ્રેનની માંગણી કરી હતી. જો કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમયસર પહોંચી જતાં ઝડપથી ભીડને વિખેરવામાં સફળતા મળી હતી.

# વિશ્વમાં કોરોનાનો વધતો હાહાકાર

**વિશ્વમાં કેસોની સંખ્યા ૧૯૨૫૨૨૪ થઇ : મોતનો આંક ૧,૧૯૭૦૨થી વધુ : અમેરિકા, સ્પેન, ઇટાલી, ફ્રાંસ અને જર્મની વધુ પ્રભાવિત**

નવી દિલ્હી,તા. ૧૪

કોરોના વાયરસના કારણે વિશ્વભરમાં હાહાકારની સ્થિતિ રહી છે. દુનિયામાં કોરોનાના પરિણામ સ્વરુપે હજુ સુધી એક લાખથી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ૧૯ લાખથી વધુ કેસો સપાટી ઉપર આવી ચુક્યા છે. ૫૧૦૦૦થી વધુ લોકો હજુ પણ ગંભીર હાલતમાં છે તે જોતા



મોતનો આંકડો ક્યાં જઈને અટકશે તેને લઈને ભારે દહેશત જોવા મળી રહી છે. લાખો કેસો હજુ પણ એક્ટિવ કેસોમાં રહેલા છે. સ્પેન અને ફ્રાન્સ પણ તમામ પ્રયાસો કરી રહ્યા છે. જો કે સફળતા મળી રહી નથી. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે.

## અમેરિકામાં ૨૪ કલાકમાં જ વધુ ૧૫૨૯ના મોત

**૨૬૭૨૨ નવા કેસો સપાટી પર આવ્યા : અમેરિકામાં કેસની સંખ્યા વધીને ૫ લાખથી વધારે પહોંચી**

વોશિંગ્ટન, તા.૧૪

અમેરિકામાં કોરોના વાયરસ પર કાબુ મેળવી લેવામાં કોઈ સફળતા હાથ લાગી રહી નથી. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૧૫૨૯ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે ૨૬૭૨૨ કેસ સપાટી પર આવ્યા છે. અમેરિકામાં નવા કેસો અને નવા મોતની સાથે હાહાકાર જારી રહ્યો છે. અમેરિકામાં કુલ મોતનો આંકડો વધીને ૨૩૬૪૪ ઉપર પહોંચી ગયો છે. જ્યારે કુલ કેસોની સંખ્યા ૫૮૭૧૫૫ સુધી પહોચી ગઈ છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- મહારાષ્ટ્રમાં માત્ર ૨૪ કલાકમાં જ ૩૫૦ પોઝિટીવ કેસ આવતાં ભારે હાહાકાર.
- મુંબઈમાં વધુ એક ટીવી પત્રકારને કોરોના પોઝિટીવ થતાં મીડીયાજગતમાં ભારે ચર્ચા.
- કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પ્રધાનમંત્રીના સંબોધન પૂર્વે દેશવાસીઓને સંબોધન કર્યું હતું અને આ સંકટ સમયે દેશ એક હોવાનું જાહેર કર્યું.
- વિશ્વ બોંકના જણાવ્યા પ્રમાણે ૨૦૨૦નું વૈશ્વિક અર્થતંત્ર ખૂબ જ નબળું પડશે.
- કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે ટેલીફોન પર વાત કરી બાંદ્રા રેલવે સ્ટેશનની ઘટના અંગે સહકારની ખાતરી આપી.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૪૫૫ |
| દિલ્લી | ૧૫૧૦ |
| તામિલનાડુ | ૧૨૦૪ |
| રાજસ્થાન | ૯૬૯ |
| ઉત્તરપ્રદેશ | ૬૬૦ |
| ગુજરાત | ૬૫૦ |
| મધ્યપ્રદેશ | ૬૧૪ |
| તેલંગણા | ૫૯૨ |

## દેશની ૮૦ કરોડ પ્રજાને ત્રણ મહિના સુધી મફત અનાજ આપવા નિર્ણય

નવીદિલ્હી, તા. ૧૪

દેશમાં લોકડાઉનની અવધિ ત્રીજી મે સુધી વધારી દેવાની સાથે જ સરકારે ગરીબોની રાહત યોજનાની પણ જાહેરાત કરી દીધી છે. કેન્દ્ર સરકારે આગામી ત્રણ મહિના સુધી ૮૦ કરોડ ગરીબોને દર મહિને પાંચ-પાંચ કિલો અનાજ મફતમાં આપવાની જાહેરાત કરી છે. આરોગ્ય મંત્રાલય અને ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર)ની સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં ગૃહમંત્રાલયના પ્રવક્તા પુણ્ય સલીલા શ્રીવાસ્તવે કહ્યું હતું કે, જરૂરી વસ્તુઓ અને સેવાઓની સ્થિતિ નિયંત્રણમાં છે. તેમણે કહ્યું હતું કે, વિવિધ પગલા સરકાર તરફથી લેવાઈ રહ્યા છે. વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૮૦ કરોડ લોકોને આગામી ત્રણ મહિના સુધી તેમની પસંદ મુજબ પાંચ કિલો ઘઉં અથવા તો ચોખા પ્રતિ મહિને મફતમાં આપવામાં આવશે. ગૃહમંત્રાલયના પ્રવક્તાએ કહ્યું હતું કે, આના માટે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને વધારાના અનાજનો જથ્થો આપી દેવામાં આવ્યો છે. ૧૩મી એપ્રિલ ૨૦૨૦ સુધી ૨૨ લાખ ટનથી વધારે અનાજનો જથ્થો એફસીઆઈના જથ્થામાંથી નિકળી ચુક્યો છે. સાથે સાથે ગૃહમંત્રાલયના કન્ટ્રોલરુમ જરૂરી વસ્તુઓ અને સેવાઓની ઉપલબ્ધતા માટે ૨૪ કલાક સ્થિતિ પર નજર રાખે છે. સાથે સાથે હેલ્પલાઈન મારફતે જરૂરવાળા લોકોને મદદ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારે મજુરોની સમસ્યા તરફ ખાસ ધ્યાન આપ્યું છે. આના ભાગરુપે મોટા પગલા લેવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં કોરોનાના કેસ ૧૧ હજારને પાર

**ભારતમાં મૃતાંક ૩૫૩ : મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા વધીને ૨૬૮૪ : વાણિજ્ય પાટનગર મુંબઈમાં વધારે ૨૦૪ કેસો સપાટી ઉપર આવતા વ્યાપક દહેશત ફેલાઈ : તમિળનાડુમાંય કેસની સંખ્યા ૧૧૭૩થી વધુ**

નવી દિલ્હી, તા.૧૪

દેશભરમાં કોરોનાના કેસોની સંખ્યા હવે ૧૧ હજારની નજીક પહોંચી રહી છે. આજે જુદા જુદા રાજ્યોમાં નવા સેંકડો કેસોની સાથે સાથે કેસોની સંખ્યા સત્તાવારરીતે વધીને ૧૦૮૧૫થી ઉપર પહોંચી હતી. મૃતાંક ૩૫૩ સુધી પહોંચી ચુક્યો છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈની વાત કરવામાં આવે તો અહીં ૨૦૪ કેસ સપાટી પર આવ્યા છે અને ૧૧ લોકોના મોત થયા છે. એકલા મુંબઈમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૭૫૩ સુધી પહોંચી છે.જ્યારે મહારાષ્ટ્રમાં કેસોનો આંકડો ૨૪૫૫ સુધી પહોંચી ગયો છે. મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ, તમિળનાડુ, કેરળ અને પંજાબમાં પણ કેસોમાં વધારો થયો છે. દિલ્હીમાં જે કેસો આવ્યા છે તે પૈકી જમાત સાથે જોડાયેલા લોકો વધારે રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો.દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે. તેને અંકુશમાં લેવા માટે સફળતા મળી રહી નથી. ભારતમાં કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત રાજ્યોમાં મહારાષ્ટ્ર, દિલ્હી, તમિળનાડ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોનો સમાવેશ થાય છે.કેસોની સંખ્યામાં ઝડપી વધારો દેશમાં હાલમાં ચાલી રહેલા ૨૧ દિવસના લોકડાઉનના ગાળા વચ્ચે પણ થઈ રહ્યો છે. આજે લોકડાઉનની અવધિને હવે ત્રીજી મે સુધી વધારી દેવામાં આવી છે. તમિળનાડુમાં કેસોની સંખ્યા ૧૦૭૫ ઉપર પહોંચી છે. સૌથી મોટી બાબત એ છે કે, સિંગલ સોર્સ એટલે કે તબલીગી જમાતના લીધે જ ૯૭૧ લોકો કોરોના પોઝિટિવ તમિળનાડુમાં આવ્યા છે. કોરોના વાયરસે ૩૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. ભારત સરકાર તમામ

● અનુસંધાન પાન-૭ પર